सत्यमेव जयते

# The Gujarat Government Gazette


**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LXVII ] THURSDAY, 20th AUGUST, 2026/SRAVANA 29, 1948 [ Issue No. 34**


**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.**

# PART-I


| | Pages | | Pages |
|---|---|---|---|
| **PART - I**<br>Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc.,<br>Miscellaneous Notifications Appointments etc., | 601-604 | **PART - I - B**<br>(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement. | Nil |
| **PART - I - A**<br>Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts., | Nil | **PART - II**<br>Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc., | 8593-8850 |
| | | **PART - III**<br>Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc., | Nil |

# GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION
## NOTIFICATION
### MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

### સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ દ્વારા
### ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે
### જાહેરનામું

નં. એમએજી/સી/સાઈલન્સ ઝોન/ગિરનાર/૨૫૩૧૮૪/૨૦૨૬.- નાયબ વન સંરક્ષકશ્રી, જૂનાગઢ વન વિભાગ, જુનાગઢના પત્ર નં. PCCFJNG/0020/07/2026, Dt. 13-07-2026 થી થઈ આવેલ દરખાસ્તની વિગતે, તાજેતરમાં ગિરનાર વિસ્તારમાં બનેલી માનવ-સિંહ સંઘર્ષની દુ:ખદ ઘટનાના પરિપ્રેક્ષ્યમાં યાત્રાળુઓની સુરક્ષા તેમજ વન્યજીવ સંરક્ષણ માટે ગિરનારની નવી સીડી, જુની સીડી તથા દાતાર સીડી માર્ગોને 'સાઈલન્સ ઝોન' તરીકે જાહેર કરવા દરખાસ્ત થઈ આવેલ છે. મુંગા વન્યજીવો અનાવશ્યક અવાજથી થતી ખેલલથી તેમના કુદરતી વર્તનમાં વિક્ષેપ થતા, માનવ-વન્ય પ્રાણી સંઘર્ષની સંભાવનાઓ વધી શકે. ઉંચા અને અચાનક અવાજના કારણે વન્યપ્રાણીઓ ઉશ્કેરાઈ શકે છે અને અસ્વાભાવિક વર્તન પ્રદર્શિત કરી શકે જે યાત્રાળુઓની સુરક્ષા માટે જોખમરૂપ છે. જેથી ઉપરોકત માર્ગો પર કોઈ પણ પ્રકારના લાઉડ સ્પીકર ડીજે સંગીત, ભજન-કીર્તન, ઉંચા અવાજે જયઘોષ, સૂત્રોચ્ચાર અથવા અન્ય કોઈ પણ રીતે અવાજ પ્રદૂષણ સર્જતી પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મુકવા જરૂરી છે. વધુમાં, ઉકત બનાવ અનુસંધાને માન. વન અને પર્યાવરણ મંત્રીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરના અધ્યક્ષસ્થાને તા. ૧૩-૦૭-૨૦૨૬ ના રોજ મળેલ બેઠકમાં ઉકત માર્ગોને 'સાઈલન્સ ઝોન' તરીકે જાહેર કરવા નિર્ણય લેવામાં આવેલ હોવાનું જણાવી ઉપરોકત વિસ્તારોમાં અવાજ પ્રદૂષણને અટકાવવાના હેતુથી જાહેરનામુ પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે. તેમજ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, જૂનાગઢના પત્ર ક્રમાંક નં. એમએજી/સી/ગીરનાર/ઈ-૨૭૧૩૪૯/૨૦૨૬, તા. ૧૬-૦૭-૨૦૨૬ થી સદરહું બાબતે જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રેને સુચના થઈ આવેલ છે.

ગિરનાર એ જૂનાગઢનું આકર્ષણ છે. ધાર્મિક આસ્થાનું કેન્દ્ર છે. ગિરનાર પર હિન્દુ તથા જૈન ધર્મના લોકોના મંદિરો, દેરાસરો, તીર્થસ્થાનો વિગેરે આવેલ છે. જેથી હજારો શ્રધ્ધાળુઓ ગિરનારની યાત્રા કરતા હોય છે. આ ઉપરાંત બહોળી સંખ્યામાં લોકો ટુરીસ્ટ તરીકે પણ મુલાકાત લેતા હોય છે. વધુમાં, રોપ-વે નો વિકાસ થવાથી પણ યાત્રાળુઓની સંખ્યામાં વધારો થવા થવા પામેલ છે. શ્રધ્ધાળુઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતા તેમજ હાલ વિવિધ ઈલેકટ્રોનિક સાધનો, મ્યુઝિક સિસ્ટમ, બ્લ્યુ ટુથ સ્પીકરના ઉપયોગથી વન્યજીવોને ખલેલ પહોચે તેવું માનવાને કારણ રહે છે. વધુમાં, 'શ્રી વિશ્વ જૈન સંગઠન' તરફથી મળેલ રજૂઆત મુજબ 'શ્રી નેમી ગિરનાર ધર્મ યાત્રા' તા. ૦૧-૦૭-૨૦૨૬ ના રોજ શરૂ થઈ અને તા. ૧૯-૦૭-૨૦૨૬ ના રોજ ગિરનારજી, જૂનાગઢ ખાતે પહોંચશે અને તા. ૨૦-૦૭-૨૦૨૬ ના રોજ જૈન તીર્થંકર શ્રી નેમીનાથજી ભગવાનના નિર્વાણ દિનની ઉજવણી કરાશે તે મતલબની રજૂઆત અત્રેને મળેલ છે. સાથોસાથ રૈવતક સમિતિ, જૂનાગઢ અને શ્રી ગુરૂ દત્તાત્રેય સમસ્ત ભકત મંડળ, મહારાષ્ટ્ર તથા ગોરક્ષનાથજી સેવાસંઘ, જૂનાગઢ તરફથી મળેલ રજૂઆતો મુજબ દત્તપાદૂકા પૂજન, શ્રી અંબા માતાજી મંદિર પગથીયા પૂજન સહિતના કાર્યક્રમોનું આયોજન હોઈ, તેમાં પણ શ્રધ્ધાળુઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહે તેમ રજૂઆત અત્રેને મળેલ છે. જેથી બંને સમુદાયના લોકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહે તેવા સંજોગોમાં ઈલેકટ્રોનિક સંસાધનો, મ્યુઝિક સિસ્ટમ, લાઉડ સ્પીકર ના ઉપયોગથી વન્યપ્રાણીઓના ઉશ્કેરાટ અને તેના કારણે વન્ય જીવોની માનવ સાથે સંઘર્ષની ઘટનાઓ બનવા પામે તેવી શકયતા નકારી શકાય નહિ. આમ, આ સ્થળે લોકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહે તેમ હોઈ તેમજ ગિરનાર અને દાતાર બંને ધાર્મિક સ્થળો લોકોની આસ્થાનું કેન્દ્ર હોઈ, શ્રધ્ધાળુઓ કાયમી ધોરણે દર્શનાર્થે આવતા-જતા હોઈ, ત્યારે લોકોની સલામતી/સુરક્ષા હેતુ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૧૬૩(૧)(૩) મુજબ પગલા લેવા અનિવાર્ય જણાય છે.

ઉકત વિગતે જાહેર સલામતી અને સુરક્ષા જાળવવાના હેતુથી વનવિભાગ તરફથી થઈ આવેલ દરખાસ્ત વાજબી જણાતી હોય, આથી હું, નિકુંજકુમાર ધુળા, સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટ, જૂનાગઢ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી નીચે મુજબ અમલવારી કરવા ફરમાવું છું.

- ગિરનારની નવી સીડી, જૂની સીડી તથા દાતાર સીડી માર્ગો પર કોઈ પણ જાતના વાજીંત્રો, મ્યુઝિક સિસ્ટમ, ડ્રમ કે મોબાઈલ ફોનમાં ઉંચા અવાજે સંગીત વગાડી શકાશે નહિ.
- આ વિસ્તારોમાં કોઈ પણ પ્રકારના લાઉડ સ્પીકર, ડી.જે. સંગીત, ઉંચા અવાજે જયઘોષ, સૂત્રોચ્ચાર કરી શકાશે નહિ.
- આ આ વિસ્તારોમાં વન્ય જીવોને નુકસાન કે અને અન્ય કોઈ પણ રીતે અવાજ પ્રદૂષણ થાય તેવું કોઈ પણ કૃત્ય કરી શકાશે નહિ.

**અપવાદ :**

સુરક્ષા સલામતીના કારણોસર વહીવટી વ્યવસ્થાના ભાગરૂપે પબ્લીક એડ્રેસ સિસ્ટમ, મેગાફોન, વ્હીસલનો ઉપયોગ કરવામાં આવતો હોઈ, જેથી ફરજ પરના અધિકારી/કર્મચારીશ્રીઓને તેમની ફરજ પૂરતા ઉકત સંસાધનોના ઉપયોગ માટે આ જાહેરનામું લાગુ પડશે નહિ.

આ જાહેરનામું તા. ૧૭-૦૭-૨૦૨૬ થી તા. ૧૪-૦૯-૨૦૨૬ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનાર BNS, 2023 ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે તેમજ આ જાહેરનામાના ભંગ બદલ ફરીયાદ માંડવા માટે પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આ જાહેરનામુ આજ રોજ જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

જૂનાગઢ, માહે જુલાઈ, સને ૨૦૨૬.

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું**

**સંદર્ભ :**

(૧) પોલીસ અધિક્ષકશ્રીની કચેરી, જૂનાગઢના પત્ર ક્રમાંક નં. સી/એલ.આઈ.બી./ગીરનારબંદો/૩૬૯૧/૨૦૨૬, તા. ૧૬-૦૭-૨૦૨૬.

(૨) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, જૂનાગઢના પત્ર ક્રમાંક નં. એમએજી/સી/ગીરનાર/ઈ-૨૭૧૩૪૯/૨૦૨૬, તા. ૧૬-૦૭-૨૦૨૬.

## જાહેરનામું

નં. એમએજી/સી/ગીરનાર/૧૫૦૭/૨૦૨૬.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના સંદર્ભિત પત્ર-૧ થી થઈ આવેલ દરખાસ્ત અન્વયે જૈન સમાજ તરફથી દિલ્હીથી શરૂ થયેલી ''શ્રી નેમી ગીરનાર ધર્મ યાત્રા'', તા. ૧૯-૦૭-૨૦૨૬ ના રોજ જુનાગઢ ખાતે પહોંચનાર છે તેમજ ગીરનાર પર્વત ઉપર શ્રી નેમીનાથજી નિર્વાણ દિવસ નિમીતે ગીરનારની પાંચમી ટુંક ઉપર તા. ૨૦-૦૭-૨૦૨૬ ના રોજ નિર્વાણ ઉત્સવનો કાર્યક્રમ યોજાનાર છે. ઉકત કાર્યક્રમમાં જૈન સમાજ તરફથી સોશીયલ મિડીયામાં લાખોની સંખ્યામાં શ્રાવકોને આવવાનું આહવાન કરતુ કેમ્પયેન ચલાવવામાં આવેલ છે. આ સમય દરમ્યાન હિન્દુ સાધુસંતો તરફથી સનાતન ધર્મના ભાવિકોને બહોળી સંખ્યામાં ભગવાનશ્રી દત્તાત્રેયના દર્શન કરવા આવવા જણાવવામાં આવેલ છે. જેથી યાત્રાળુઓની સલામતી માટે, આ કાર્યક્રમ દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુસર તા. ૧૯-૦૭-૨૦૨૬ થી તા. ૨૧-૦૭-૨૦૨૬ સુધી કુલ-૦૩ દિવસ ભવનાથ વિસ્તાર અને ગીરનારની પાંચમી ટુંક સુધીના વિસ્તારમાં જાહેર સુલેહશાંતી રહે તથા તેવા હેતુસર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૩૩ હેઠળ જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે.

જે અન્વયે સંદર્ભિત પત્ર-૧ થી જાહેર થતી વિગતે ગીરનાર પર્વત ઉપરની પાંચમી ટુંક ખાતે તા. ૨૦-૦૭-૨૦૨૬ ના રોજ યોજાનાર ભગવાન નેમિનાથ મોક્ષ કલ્યાણ દિવસે જૈન યાત્રિકો દ્વારા પાંચમા શિખર પર ભગવાન નેમિનાથને તેમના પ્રાર્થના અને મોક્ષ કલ્યાણ લાડુ અર્પણ કરવાના કાર્યક્રમ યોજાનાર હોય અને ગીરનાર પર્વત ઉપર ગુરુ દત્તાત્રેયની જગ્યા પાંચમી ટુંક ખાતે હિન્દુઓની આસ્થાનું પણ કેન્દ્ર હોય અને આ સંબંધે હિન્દુ અને જૈન ધર્મના લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય, ઉકત સંદર્ભિત પત્ર-૨ થી આગામી તા. ૧૯-૦૭-૨૦૨૬ થી તા. ૨૧-૦૭-૨૦૨૬ સુધી દિન-૩ માટે જુનાગઢ શહેરના ભવનાથ વિસ્તાર અને ગીરનાર પર્વતની પાંચમી ટૂંક સુધીના વિસ્તારમાં શાંતિ જળવાઈ રહે તે હેતુસર જાહેરનામું પ્રસિધ્ધ કરવા જણાવેલ છે.

ઉકત પરિસ્થિતિ તથા સંજોગોને ધ્યાને લેતા અને ઉકત સંદર્ભ પત્ર-૧ નો અભિપ્રાય ધ્યાને લેતા અમોનું એવું સ્પષ્ટપણે માનવું છે કે ઉકત વર્ણવેલ વિવાદને કારણે જાહેર સુલેહ શાંતિનો ભંગ, હુલ્લડ કે બખેડો થઈ શકે તેવી પૂરેપૂરી સંભાવનાછે. જો આ જાહેરનામું બહાર પાડવામાં આવે તો જાહેર સુલેહ શાંતિનો ભંગ, હુલ્લડ કે બખેડો અટકાવી શકાય તેવો અમારો સ્પષ્ટ અભિપ્રાય છે.

આથી હું, નિકુંજકુમાર ધુળા, સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, જુનાગઢ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૧૬૩ થી અમોને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે સમગ્ર ભવનાથ વિસ્તાર અને ગીરનાર પર્વત ઉપર આવેલ ગુરુદત્તાત્રેય શિખરની ટૂંક સુધીના વિસ્તારમાં તા. ૧૯-૦૭-૨૦૨૬ થી તા. ૨૧-૦૭-૨૦૨૬ દરમિયાન કોઈ પણ ઈસમ જે ઉકત વિસ્તારમાં રહે છે, આવન જાવન કરે છે, તેવા તમામ લોકોએ ઉકત સમયગાળા દરમિયાન

(૧) સુલેહ શાંતિનો ભંગ થાય તેવું કોઈ પણ કૃત્ય કરવું નહીં.

(૨) હિન્દુ તથા જૈન ધર્મ કે અન્ય કોઈ પણ ધર્મના લોકોની લાગણી દુભાય તેવું કોઈ કૃત્ય કરવું નહીં.

(૩) ધાર્મિક એકતાને ઘાતક હોય તેવા કોઈ કથનો કરવા નહીં કે ભાષણો કે સૂત્રોચાર કે મંત્રોચ્ચાર કરવા નહીં.

(૪) ધાર્મિક લાગણી દુભાય તેવી કોઈ પરંપરા કે રીતી રિવાજો અમલી કરવા નહીં.

(૫) કોઈપણ જાતના લાઉડ સ્પીકર કે વાજિંત્રો વગાડવા નહીં કે લોકોની ઉશ્કેરણી થાય તેવા કથનો કરવા નહીં.

(૬) કોઈપણ ઈસમે પોતાની સાથે ઘાતક હથિયારો કે સાધન સામગ્રી લઈ જવી નહીં.

(૭) કોઈપણ કોમ, ધર્મના લોકોને શારીરિક, માનસિક ક્ષતિ પહોંચે તેવું કોઈપણ કૃત્ય કરવું નહીં.

ઉકત જાહેરનામું સમગ્ર ભવનાથ વિસ્તાર તથા સમગ્ર ગીરનાર પર્વત તથા તેના તમામ શિખરો પૂરતું અમલી રહેશે. ઉકત જાહેરનામું આગામી તા. ૧૯-૦૭-૨૦૨૬ થી તા. ૨૧-૦૭-૨૦૨૬ ના મધ્યરાત્રીના ૨૪-૦૦ કલાક સુધી અમલી રહેશે. ત્યારબાદ જાહેરનામું આપોઆપ રદ ગણાશે.

આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામા ભંગ બદલ ફરીયાદ માંડવા માટે પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાની જાહેર જનતાને જાણ કરવા માટે તેની બહોળી પ્રસિધ્ધિ જાહેરનામામાં સમાવિષ્ટ વિસ્તારોમાં ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રમાં વિનામૂલ્યે કરવાની રહેશે.

આજ તા. ૧૬, જુલાઈ, સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિકકા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

જૂનાગઢ, ૧૬ માહે જુલાઈ, સને ૨૦૨૬.

**નિકુંજકુમાર ધુળા**
સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ
જૂનાગઢ

---

## જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં. : નધણ/ચ/૯૪/૨૦૨૬.-શ્રી સરદાર ખેત ઉત્પાદન સહકારી મંડળી લી., મુ. દીતલા, તા. ધારી, જિ. અમરેલીની નોંધણી REG. No. : CSAMRSEFPO202604755 Dt. 22-07-2026 થી સને-૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજ રોજ ઓનલાઈન નોંધવામાં આવેલ છે.

REG. NO. : CSAMRSEFPO202604755

અમરેલી, ૨૨ માહે જુલાઈ, સને ૨૦૨૬.

**એસ. આર. અણિયાળીયા**
જિલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ, અમરેલી

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અને કલમ-૧૦૮ ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગનાં DT : 21-07-2011 ના જાહેરનામા ક્રમાંક : GHKH/51/2005/NSB/12/2002/3011/CH અને DT : 26-08-2011 ના જાહેરનામા ક્રમાંક : GHKH/62/2011/NSB/12/2002/3011/CH.

(૩) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૨૬૬ થી ૨૮૩/૨૦૨૬, તારીખ : ૦૮-૦૬-૨૦૨૬ થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળા આદેશ.

(૪) શ્રી ગવરીદડ ઉદવહન સિંચાઈ સહકારી મંડળી લી., મુ. ગવરીદડ, તા. રાજકોટનો તારીખ : ૧૬-૦૬-૨૦૨૬ નો પત્ર.

(૫) અત્રેની કચેરીનો તારીખ : ૨૩-૦૬-૨૦૨૬ નો પત્ર.

(૬) શ્રી ગવરીદડ ઉદવહન સિંચાઈ સહકારી મંડળી લી., મુ. ગવરીદડ, તા. રાજકોટનો તારીખ ૨૭-૦૭-૨૦૨૬નો પત્ર.

## આદેશ

ક્રમાંક : ફડચ/ગ-૨/૬૯૧ થી ૭૦૦/૨૦૨૬.-આથી હું, ડો. બી. એન. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, ઉપર વંચાણે લીધેલ-(૨) ના જાહેરનામાથી મળેલ અધિકાર અને સત્તાની રૂએ તેમજ આમુખમાં જણાવેલ વિગતોને ધ્યાને લઈ શ્રી ગવરીદડ ઉદવહન સિંચાઈ સહકારી મંડળી લી., મુ. ગવરીદડ, તા. રાજકોટ, જિ. રાજકોટ, નોંધણી નંબર : ખે-૩૯૮૦, તારીખ : ૦૫-૦૪-૧૯૯૯ ને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે અત્રેના આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૨૬૬ થી ૨૮૩/૨૦૨૬, તા. ૦૮-૦૬-૨૦૨૬ થી ફડચામાં લઈ જવાના વચગાળા આદેશ રદ કરૂં છું.

રાજકોટ, ૦૩ માહે ઓગષ્ટ, સને ૨૦૨૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. DRCSRJ/0440/07/નં. CSRAJSE202604847/૨૦૨૬.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી જય જવાન જય કિશાન સેવા સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ : મોટાદડવા(દડવા હમીરપર), તાલુકો : ગોંડલ, જિલ્લો : રાજકોટ, સને-૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૩૧ માહે જુલાઈ, સને ૨૦૨૬.

## નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. DRCSRJ/0433/07/નં. CSRAJSESH202604840/૨૦૨૬.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી વચન ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી., મર્યાદિત સ્થળ : રાજકોટ, તાલુકો : રાજકોટ, જિલ્લો : રાજકોટ, સને-૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૩૦ માહે જુલાઈ, સને ૨૦૨૬.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અને કલમ-૧૦૮ ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગનાં DT : 21-07-2011 ના જાહેરનામા ક્રમાંક : GHKH/51/2005/NSB/12/2002/3011/CH અને DT : 26-08-2011 ના જાહેરનામા ક્રમાંક : GHKH/62/2011/NSB/12/2002/3011/CH.

(૩) અત્રેની કચેરીના તારીખ : ૧૭-૦૬-૨૦૨૬ ના આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૩૩૪ થી ૩૪૫/૨૦૨૬ થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળા આદેશ.

## અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ગ-૨/૬૦૭ થી ૬૨૨/૨૦૨૬.-આથી હું, ડો. બી. એન. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, ઉપર વંચાણે લીધેલ-(૨) ના જાહેરનામાથી મળેલ અધિકાર અને સત્તાની રૂએ તેમજ આમુખમાં જણાવેલ વિગતોને ધ્યાને લઈ શ્રી ગોમટા લીલાખા જુથ શિક્ષક અને શાળાના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી., મુ. ગોમટા, તા. ગોંડલ, જિ. રાજકોટ, નોંધણી નંબર : ૨૨૧૧૦, તારીખ : ૦૫-૧૧-૧૯૮૬ ને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા કરેલ વચગાળાના આદેશને કલમ-૧૦૭(૩) અન્વયે બહાલી આપતો આદેશ કરૂં છું.

તેમજ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારીશ્રી તરીકે અત્રેની કચેરીના સુ. શ્રી આર. પી. મકવાણા, સહકારી અધિકારી (ફડચા-૨), લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટની નિમણુંક કરૂં છું. જે અન્વયે સદરહું મંડળીનાં ફડચા અધિકારીશ્રીએ મંડળીની ફડચા અંગેની તમામ કામગીરી સમયમર્યાદામાં પુર્ણ કરવાની રહેશે.

રાજકોટ, ૨૪ માહે જુલાઈ, સને ૨૦૨૬.

**ડો. બી. એન. પટેલ**
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ
રાજકોટ

---

Government Press & Stationery, Rajkot.

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.08.20 14:21:31 IST